# સાવકા પિતાએ બે પુત્રીને હવસનો શિકાર બનાવી

**ચીખલીમાં બંને** દીકરીઓ ગર્ભવતી બનતા પોલીસે પોક્સોનો ગુનો નોંધી સાવકા પિતાની ધરપકડ કરી

ઘેજ : ચીખલીના એક ગામમાં સાવકા પિતાએ નાની-મોટી બંને સગીર દીકરીઓને હવસનો શિકાર બનાવી ગર્ભવતી બનાવતા પોલીસે સાવકા પિતાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો.

પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ તાલુકાના એક ગામના શ્રમજીવી પરિવારમાં ૧૨-વર્ષીય દીકરીને પેટમાં દુ:ખાવો થતા પીએચસીમાં તપાસ કરાવ્યા બાદ ખારેલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સોનોગ્રાફી બાદ તબીબે પાંચ મહિનાનો ગર્ભ હોવાનું જણાવતા માતાના પગ નીચેથી ધરતી સરકી જાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પોતાની માસુમ દીકરીને આ અંગે પૂછતાં પિતાએ તેણી સાથે ખરાબ કામ કર્યું હોવાનું જણાવ્યું હતું.

ઉપરોક્ત હકીકત અંગેની જાણ કરતા આ દીકરીની માતાએ તેની બહેનને ફોન કરતા અચાનક મોટી દીકરી પણ રડવા લાગી હતી. અને પપ્પાએ મારી સાથે પણ ખરાબ કામ કર્યું હોવાનું જણાવતા તેની પણ મેડિકલ તપાસ કરાવતા આ મોટી ૧૩-વર્ષીય દીકરીને પણ બે માસનો ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું.

સાવકો પિતા રાત્રે ઘરમાં બધા સુઈ ગયા બાદ દીકરીને પોતાના હવસનો શિકાર બનાવતો હતો. અને જંગલમાં લાકડા લેવા માટે જવાનું કહી ત્યાં પણ ખરાબ કામ કરતો હતો. આ નરાધમે બંને સગીર દીકરીઓ સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવતા માતાની ફરિયાદના આધારે પોલીસે સાવકા પિતા આરોપી સામે પોક્સો અને બળાત્કારની જોગવાઈ મુજબનો ગુનો નોંધી પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી વધુ તપાસ પીઆઇ-ડી.એસ.કોરાટ કરી રહ્યા છે.

**વલસાડની ઘટનાના કારણે વીજ પુરવઠો ખોરવાઈ જતા વિસ્તાર અંધકારમય બની ગયો**

# રેલવે ગોદીમાં આગ ભભૂકી

**આગના** ગોટે ગોટા શહેરમાં દેખાતા લોકોમાં ભયનો માહોલ છવાયો

**રેલવે** ગોદીમાં આગ લાગતા આજુબાજુના પેટ્રોલ પંપોને બંધ કરાવવામાં આવ્યા

**વ્યૂહાત્મક** રીતે 3 દિશામાંથી પાણીનો મારો ચલાવી આગને 10 મિનિટમાં કાબુમાં લીધી



### કચરા સાથે પીવીસી પાઇપમાં આગ લાગી

આ આગ લગભગ 45 મિનિટ સુધી સતત ચાલી હતી. ત્યાર બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. કચરા સાથે પીવીસી પાઇપમાં પણ આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા ઉડ્યા હતાં. જે દૂરથી દેખાયા હતાં. આગના ઘટના સ્થળે ભીડને નિયંત્રિત કરવા માટે રેલવે પોલીસ અને આરપીએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી. સાથે જ વલસાડના પ્રાંત અધિકારી વિમલ પટેલે પણ સ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ આ આગે શહેરની સુરક્ષા વ્યવસ્થાને લઈને પ્રશ્નો જરૂર ઉભા કર્યા છે.

વલસાડ : વલસાડ રેલવે ગોદી વિસ્તારમાં મંગળવારે સાંજે કચરાના ઢગલામાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. આ આગે ગણતરીના સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. આગની જ્વાળા એટલી ભયાનક હતી કે શહેરની સૌથી મોટી આગ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. જેના કારણે લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

રેલવે ગોદીમાં લાગેલી આગની ગંભીરતા જોતા આજુબાજુ આવેલા પેટ્રોલ પંપોને તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યા હતાં. તેમજ તેને બુઝાવવા માટે ફાયર વિભાગની ટીમ તાત્કાલિક આવી પહોંચી હતી. જેમાં પહેલા એક ફાયર વાહનના પાણીના મારાથી આગ કાબુમા આવી શકી ન હતી. ત્યારબાદ એક પછી એક વધુ 2 વાહનો આવી ગયા હતાં. તેમણે વ્યૂહાત્મક રીતે 3 દિશામાંથી પાણીનો મારો ચલાવી આગને 10 મિનિટમાં કાબુમા લીધી હતી. ઘટનાના કારણે સ્ટેશન રોડ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા આખો વિસ્તાર અંધકારમાં ગરકાવ થઈ ગયો હતો.

# ખેરગામ-આછવણી માર્ગ પર ઓઈલ ઢોળાતા અકસ્માતોની હારમાળા

**ઓઈલના** કારણે માર્ગ લપસણો બનતા 20થી વધુ બાઈકચાલકો પટકાયા



### ત્રણેક ઇજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલ્યા

ઓઈલ રસ્તા ઉપર ઢોળાતા વીસથી વધુ બાઈકો સ્લીપ થતાં કેટલાક વાહનચાલકોને ઇજા પહોંચી હતી. જેની જાણ થતા અમે પહોચતા અમારી સામે ચારથી પાંચ મોપેડ ચાલકો બ્રેક મારવા જતા સ્લીપ થયા હતાં. જેમાં એક મહિલા સહિત બેને ઇજા થતા તેમને સારવાર માટે મોકલ્યા હતાં. વધુ લોકો ભોગ ન બને તે માટે આરએન્ડબી વિભાગે રસ્તા ઉપર ડસ્ટ પાથરતા રાહત થઈ હતી. - વિજય રાઠોડ મહામંત્રી, ખેરગામ તાલુકા ભાજપ

ખેરગામ : ખેરગામ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી નેશનલ હાઈવેના ભારે વાહનોની અવરજવર વધતા સ્થાનિકોની મુશ્કેલીમાં નોંધપાત્ર વધારો થયો છે. ક્યારેક આ વાહનો વીજ કેબલો તોડે છે, તો ક્યારેક ઈલેક્ટ્રિક ડીપીને નુકસાન પહોંચાડે છે. આવી જ એક જોખમી ઘટના મંગળવારની વહેલી સવારે બની હતી.

ખેરગામ-આછવણી માર્ગ પર કોઈ વાહનમાંથી મોટી માત્રામાં ઓઈલ ઢોળાતા રસ્તો અત્યંત લપસણો બની ગયો હતો. જેના કારણે વહેલી સવારથી જ પસાર થતા બાઈકચાલકો સ્લીપ થવા લાગ્યા હતા. દશેરા ટેકરીથી ખાખરી ફળિયા સુધીના માર્ગ પર આશરે 20થી વધુ બાઈકચાલકો પટકાયા હોવાની માહિતી મળી છે. સદનસીબે, પાછળથી કોઈ મોટા વાહનો ન આવતા મોટી જાનહાનિ ટળી હતી.

અકસ્માત જોઈને સ્થાનિક આગેવાન મુકેશ ડેરીવાળા અને હિરલભાઈ સહિતના ગ્રામજનો મદદે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ડેપ્યુટી સરપંચ જગદીશ પટેલે માર્ગ અને મકાન વિભાગને જાણ કરતા અધિકારીઓએ રસ્તા પર ડસ્ટ (ધૂળ) નાખવાની કામગીરી શરૂ કરી હતી, જેનાથી વાહનચાલકોને મોટી રાહત થઈ હતી.

# વાપી મનપાના મતદારો ઓછા પણ વોર્ડનો વિસ્તાર વધુ

**વાપી** પાલિકાથી મહાનગરપાલિકા બની તેમાં 11,188 મતદારોનો જ વધારો જોવા મળ્યો

વાપી : વાપી મહાનગરપાલિકા બન્યા બાદ સીમાંકન અને વોર્ડની રચના બાદ હવે વોર્ડ પ્રમાણે મતદારોની યાદી જાહેર થઈ ગઈ છે. વાપી મનપાનો વિસ્તાર જેટલો વધ્યો છે તેના પ્રમાણમાં મતદારોની સંખ્યા પ્રમાણમાં ઓછી લાગે છે. ૧૧ ગામનો વાપી પાલિકામાં સમાવેશ કરતા વાપી મનપાનો વિસ્તાર વધ્યો છે. પરંતુ મતદારોમાં ખાસ વધારો જોવા મળ્યો નથી.

વાપી પાલિકાની છેલ્લી 2021ની ચૂંટણીમાં જોઈએ તો ત્યારે વાપી પાલિકાના ૧૦ વોર્ડમાં કુલ 1,01,907 મતદારો હતા. હવે ૧૧ ગામના સમાવેશ પછી વાપી મનપાના 1,13,095 મતદારો છે. આમ 11,188 મતદારોનો જ વધારો જોવા મળે છે. વાપી પાલિકાનો વિસ્તાર ૨૨.૪૪ ચો.કી. હતો જે ૧૧ ગામના સમાવેશ બાદ વાપી મહાનગરપાલિકાનો વિસ્તાર ૭૨.૧૫ ચો.કી. થયો હતો. વાપી મનપાના સિમાંકન બાદ તેની વસ્તી 2,48,122 થઈ છે. જે 2011ની વસ્તી ગણતરી પ્રમાણે છે. જોકે હાલની વસ્તી સાડા ચાર લાખથી વધુ હોવાનો અંદાજ છે.

### ગરમીમાં ચૂંટણી જીતવામાં ભાવિ કોર્પોરેટરોને પરસેવો પાડવો પડશે

વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીને લઈને ઘણાં નવા અને જૂના જોગીઓને મનપાના મેયરથી લઈને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બનવાના સપના છે. વાપીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય મુકાબલો થવાનો છે. હમણાં નવા વોર્ડમાં કઈ રીતે સમીકરણો ગોઠવવા તેની મથામણમાં ઉમેદવારીને લઈને બંને પક્ષના મુરતિયાઓમાં ગડમથલ ચાલી રહી છે. 13 વોર્ડમાં 52 કોર્પોરેટર ચૂંટાવાના છે. જોકે હજી ચૂંટણી જાહેર થઈ નથી. પરંતુ મે મહિનાના પહેલા સપ્તાહમાં ચૂંટણી થવાની સંભાવના છે. આમ બંને પાર્ટીમાં ઉત્સુક કાર્યકરો ઉમેદવાર થવા થનગની રહ્યા છે. જોઈએ હવે ચૂંટણી જાહેર થાય પછી બંને પાર્ટીમાં કોણ ઉમેદવાર તરીકે પસંદ થાય છે.

### 2011ની વસ્તી ગણતરી પ્રમાણે મનપાની વસ્તી અને મતદારો

| વોર્ડ | વસ્તી | મતદારો |
|---|---|---|
| 1 | 16,996 | 8,419 |
| 2 | 20,020 | 12,707 |
| 3 | 20,912 | 8,647 |
| 4 | 20,903 | 7,907 |
| 5 | 22,199 | 11,375 |
| 6 | 16,302 | 9,765 |
| 7 | 14,840 | 7,184 |
| 8 | 17,350 | 9,675 |
| 9 | 15,340 | 8,283 |
| 10 | 21,335 | 8,636 |
| 11 | 20,471 | 5,475 |
| 12 | 19,903 | 8,189 |
| 13 | 21,551 | 6,833 |

# છઠ્ઠ પૂજામાં ગયેલા પરિવારના મકાનમાં ચોરી

**વાપીમાં** પરિવાર ભાઈના ઘરે રોકાયો અને તસ્કરો રૂપિયા 1.92 લાખની ચોરી કરી ગયા

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં આવેલા હરિયા પાર્ક સ્થિત શાંતિકુંજ બિલ્ડિંગમાં ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે. અહીં રહેતા સંજય રમાશંકર વૈદ્ય (ઉં.વ. 40) ગત તા. 22-03-26ના રોજ છરવાડા ખાતે રહેતા તેમના મોટા ભાઈના ઘરે છઠ્ઠ પૂજા નિમિત્તે સહપરિવાર ગયા હતા. પરિવાર ત્યાં રોકાયો હોવાથી ફ્લેટ બંધ હતો, જેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો હતો.

બીજા દિવસે સવારે પડોશીએ સંજયભાઈને ફોન કરી ઘરનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. પરિવાર તાત્કાલિક ઘરે પહોંચતા જોયું તો દરવાજાનો નકુચો તૂટેલો હતો અને ઘરનો તમામ સામાન વેરવિખેર હતો. બેડરૂમમાં રાખેલી તિજોરીમાંથી તસ્કરો અંદાજે રૂપિયા 1.92 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે સંજય વૈદ્યએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

### વાપી પીડબલ્યુડી ઓફિસ ચાર રસ્તા પર લોખંડની આડશથી વાહનચાલકો પરેશાન



વાપી : વાપીમાં ફલાય ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. જેમાં વાપી પીડબલ્યુડી ઓફિસ ચાર રસ્તાથી સેલવાસ તરફ જતા માર્ગ પર પીલ્લર માટેનું ખોદકામ કરવામાં આવ્યું હતું અને ત્યાં હાલ કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને લઈ વાપી પીડબલ્યુડી ઓફિસ ચાર રસ્તા પર એકતરફી વાહનોની અવરજવર થઈ શકે તે માટે લોખંડની આડશ મૂકવામાં આવેલી છે. જો કે, તે આડશ મૂકવા છતાં મોટે ભાગના નાના-મોટા વાહનો ત્યાંથી જ અવરજવર કરી રહ્યા છે. જેને કારણે ટ્રાફિક સમસ્યા રોજેરોજ સર્જાઈ રહી છે. વળી, અહીં ટ્રાફિક પોલીસની કામગીરી પણ નહીંવત જેવી દેખાઈ રહી છે. વાહનચાલકો મનફાવે તે રીતે પસાર થઈ રહ્યા છે. લોખંડની આડશ અહીંથી હટાવી લેવામાં આવે તો વાહનચાલકોને પસાર થવામાં સરળતા રહેશે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### માણેકપુર રોડ ઉપર ટ્રક અડફેટે મોપેડ ચાલકનું મોત

ઉમરગામ : ઉમરગામ તાલુકાના માણેકપુર સોનિયાવારીમાં રહેતા અનિલ વાઢુ સોમવારે સાંજે મોપેડ ઉપર ઘરેથી નીકળી સરઈ ફાટક બજાર તરફ જઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે-19 ટી- 9293 ના ચાલકે પોતાની ટ્રક પૂર ઝડપે અને ગલફતભરી રીતે હંકારી લાવી મોપેડ મોટરસાયકલને અડફેટે લેતા આ અકસ્માતમાં અનિલભાઈને શરીરે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મોત થવા પામ્યુ હતુ. આ બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અવિનાશભાઈ અનિલભાઈ વાઢુ (રહે માણેકપુર) એ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# નવસારીમાં બિલ્ડરો પર તંત્રની ‘ ગ્રીન ચાબુક ’

**નિયમ** ભંગ બદલ 2.55 લાખનો દંડ, ગ્રીન નેટ વગર કામ કરાતા બંધ કરવાની ચેતવણી



નવસારી : નવસારી મહાનગરપાલિકાએ શહેરમાં બાંધકામ સ્થળોએ ફેલાતી ધૂળ પ્રદૂષણ સામે કડક અભિયાન શરૂ કરતા બિલ્ડરોમાં ખળભળાટ મચ્યો છે. ગ્રીન સેફ્ટી નેટ લગાવવાના ફરજિયાત નિયમોનો ભંગ કરનાર ત્રણ પ્રોજેક્ટ્સ સામે ટાઉન પ્લાનિંગ વિભાગે કુલ 2.55 લાખનો દંડ ફટકાર્યો છે.

છાપરા, લુન્સીકુઈ અને જલાલપોરના પ્રોજેક્ટ્સમાં ગંભીર બેદરકારી સામે આવી હતી. છાપરામાં સિયારામ ડેવલપર્સને 82,836, લુનસીકુઈમાં અમિત શાહના કોમર્શિયલ બાંધકામને 24,070 અને જલાલપોરમાં સંજય ગાંધીના વિશાળ પ્રોજેક્ટને 98,674નો દંડ ફટકારાયો છે.

મહાનગરપાલિકાએ ચેતવણી આપી છે કે ‘બિલ્ડિંગ બાયલોઝ’ મુજબ ગ્રીન નેટ વિના કોઈપણ બાંધકામ મંજૂર નહીં થાય. દંડની તાત્કાલિક ભરપાઈ અને ગ્રીન નેટ લગાવ્યા બાદ જ કામગીરી આગળ વધારવાની મંજૂરી આપવામાં આવશે. તંત્રએ સ્પષ્ટ કરી દીધું છે કે હવે નિયમો સાથે કોઈ સમજૂતી નહીં થાય.

## સંક્ષિપ્ત સમાચાર

### રાહોર નજીક ટ્રિપલ સવારી બાઇક સવારોને અકસ્માત નડતા એકનું મોત

વલસાડ : કપરાડા તાલુકાના ઘોટણ નજીક બાઇક ચાલકે સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા બાઇક સ્લીપ થતા ત્રણે બાજુના ખેતરમાં ફેંકાઈ જતા બાઇક સવાર ત્રણે યુવાનોને ગંભીર ઇજા પહોચી હતી. જેમાં ચાલકનું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેસેલા બે યુવાનોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતાં. ફરિયાદી અનિલ બાલુભાઈ સાનકરા (રહે. રાહોર, કુમઘા ફળિયું, કપરાડા) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ગત સાંજે ઘરે હતા ત્યારે હાર્દિક ભોયા (રહે.બિલપુડી) સ્પ્લેન્ડર બાઇક નંબર જી.જે.15. ડી. એફ.7172 લઈ આવી લાઈટિંગ ફિટ કરાવવા જવાનું હોય તેમ કહી ફળિયામાં રહેતા વિલાસ સદુ જાદવને પણ સાથે લઈ રાત્રે 10 વાગ્યાની આસપાસ બાઇક ઉપર રાહોર મુલગામ ફળિયા, વળાંક નજીકથી પસાર થતા હતા તે દરમિયાન સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા બાઇક સ્લીપ થઈ હતી. જેમાં ચાલક સહિત તમામ ફેંકાઈને નજીકના ખેતરમાં પડી જતા ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેમાં બાઈકચાલક હાર્દિક રસિક ભોંયા (ઉંમર.26) નું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેસેલા વિલાસ જાદવ અને અનિલને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતાં. ઘટના અંગે ચાલક સામે કપરાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ઝટપટ નફાની લાલચમાં વિજલપોરની યુવતી સાથે 53 હજારની ઠગાઈ

નવસારી : વિજલપોર વિસ્તારમાં ઓનલાઈન રોકાણના લાલચે ફરી એક વખત નાગરિકને મોંઘું પડી ગયું છે. ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતી રેણુકાબેન જયેશ્વરભાઈ એડકે (ઉં.વ.૨૭)ને અજાણ્યા શખ્સે ફોન કરીને “dhanZOAI” એપમાં રોકાણ કરવાથી ટૂંકા સમયમાં મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી. આરોપીએ પોતાનું નામ આર્યન ઠાકુર જણાવી વિશ્વાસ જીત્યો અને ક્વિક્સન ટેક્નોલોજી પ્રા. લિ.નો QR કોડ મોકલી રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા. વિશ્વાસમાં આવી ફરીયાદીએ કુલ રૂપિયા ૫૩,૦૫૦નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ એપમાં રૂપિયા ૩,૮૮,૮૭૧ જેટલી રકમ દેખાડાતા તેમને લાગ્યું કે રોકાણ સફળ રહ્યું છે. પરંતુ હકીકતમાં આ માત્ર એક ગોટાળો હતો. જ્યારે ફરીયાદીએ આ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીઓએ ૨૫ ટકા કમિશન ચૂકવવાની શરત મૂકી. કમિશન આપવાનો ઇનકાર કરતાં આરોપીઓએ પૈસા પરત આપ્યા નહીં અને સંપર્ક તોડી દીધો હતો. આ રીતે વધુ નફોના નામે ગોઠવાયેલા ફ્રોડમાં ફરીયાદી સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. સમગ્ર મામલે વિજલપોર પોલીસે ગુનો નોંધી પો.ઇન્સ્પેક્ટર એન.આઇ. રાઠોડ દ્વારા કેસની તપાસ હાથ ધરવામાં આવી છે અને આરોપીઓ સુધી પહોંચવા ટેકનિકલ સર્વેલન્સનો સહારો લેવાઈ રહ્યો છે.

### નવસારીમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો



સુરત : માનવ રોગ નિવારણ મંડળ નવસારી દ્વારા રોટરી આઈ હોસ્પિટલ નવસારીના સહયોગથી આંખની તપાસનો નિશુલ્ક કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનો ઉદ્ઘાટન સમારંભ માનવ રોગ નિવારણ મંડળના પ્રમુખ વિરેન્દ્ર દેસાઈ, ઉપ-પ્રમુખ જયસીંગભાઇ રાઠોડ, ખજાનચી ગિરીશ દેસાઈ, રાજેશ મિસ્ત્રી, સરપંચ રેખા હળપતિ, ડેપ્યુટી સરપંચ દિનેશ મિસ્ત્રી, માજી સરપંચ રાજુ લાડ, રોટરી આઈ હોસ્પિટલમાંથી પધારેલા ડોક્ટર યસીલ પટેલ અને ડોક્ટર વેદાંશી જોશીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પ્રમુખ વિરેન્દ્ર દેસાઈએ માનવ રોગ નિવારણ મંડળની રચનાત્મક પ્રવૃત્તિઓ જન જન સુધી પહોંચાડવા ટ્રસ્ટની રચના લાલભાઈ નાયક, નારણભાઈ રાઠોડ જેવા ગાંધીવાદી વ્યક્તિઓએ કરી હોવાનું જણાવ્યું હતુ. અંબાડા ગામના અગ્રણીઓ દ્વારા કેમ્પ આયોજકો, રોટરી આઈ હોસ્પિટલના ડોક્ટરોનું પુષ્પ આપી સ્વાગત કર્યું હતુ. આઈ કે મ્પમાં અંબાડા, ઉગત, ટોળી, સાહુ, દેડવાસણ, મુનસાડમાંથી લાભર્થીઓ આવ્યા હતા. કેમ્પને સફળ બનાવવામાં સરપંચ, ઉપસરપંચ, માજી સરપંચ, તથા ગામલોકોનો સહકાર પ્રાપ્ત થયો હતો.

### ચીખલીના મિયાઝરી ગામમાંથી દીપડો પાંજરે પુરાયો




ઘેજ : ચીખલી તાલુકાના મિયાઝરી ગામેથી ૧૦ વર્ષીય દીપડો પાંજરે પુરાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ ચીખલી તાલુકાના મિયાંઝરી ગામના ચૌધરી ફળીયા પાસે અવાર નવાર દીપડો દેખાતા જે અંગેની જાણ કરાતા વન વિભાગના આરએફઓ રમેશભાઇ ગાવિત સહિતના સ્ટાફે જરૂરી સર્વે કરી મિયાંઝરી ચૌધરી ફળીયા સ્થિત જીગ્નેશ ગુલાબભાઇ વધુના પોલટ્રી ફાર્મ પાસે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. દરમ્યાન ૨૪ માર્ચના રોજ સવારના સમયે શિકારની શોધમાં આવી ચઢેલો એક દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ કઈક અંશે રાહત અનુભવી હતી. જોકે આ વિસ્તારમાં હજુ પણ દીપડા-દીપડીઓ લટાર મારી રહ્યા હોવાની ફરિયાદ ઉઠી રહી છે. જોકે પાંજરે પુરાયેલા દીપડાનો વન વિભાગ દ્વારા કબ્જો લઈ વેટરનરી ડોક્ટર પાસે જરૂરી તપાસ કરાવતા સ્વસ્થ હોવાનું જણાતા વન વિસ્તારમાં સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### દમણમાં કાળા કાચવાળી 216 કારના ચાલકો સામે કાર્યવાહી



દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે પ્રદેશમાં વિવિધ સ્થળો પર વાહન ચેકીંગ કાર્ય કરી કાળા કાચવાળી ગાડીઓને દંડ ફટકારવાની કાર્યવાહી કરતા વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. છેલ્લા ઘણા સમયથી દમણમાં વિવિધ વિસ્તારમાં ડાર્ક કાળી ફિલ્મવાળા કાચ સાથેની કાર ફરતી દેખાવાની જાણ દમણ પોલીસના ઉચ્ચ વિભાગના અધિકારીઓને મળી હતી. આ પ્રમાણેની કારમાં અમુક ગેરકાયદે ગતિવિધિઓ પણ થતી હોવાની સચોટ માહિતી પોલીસને અવર નવાર મળવા પામી હતી. જેના કારણે દમણ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ અંગે કાયદા અને વ્યવસ્થાને જાળવી રાખવા પ્રદેશમાં એક વિશેષ વાહન ચેકીંગ ડ્રાઇવની શરૂઆત કરી છે. જેમાં લાયસન્સની સાથે ખાસ કાળી ફિલ્મવાળા ટીન્ટેડ કાચવાળી કાર તથા અન્ય વાહનો સામે તવાઈ બોલાવી દંડાત્મક કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં પોલીસે 216 જેટલી કાર તથા અન્ય વાહનો પરથી ડાર્ક ફિલ્મવાળા ગ્લાસ પરથી ફિલ્મ હટાવવાનું અને તેમને દંડ ફટકારવાની કાર્યવાહી કરી છે. ત્યારે આજે પણ પ્રદેશના મુખ્ય રસ્તાઓ પર પોલીસ કર્મચારીઓ દ્વારા દમણમાં આવતા જતાં વાહનોનું ચેકીંગ કાર્ય કરી કાળા ગ્લાસવાળી કાર પરથી ડાર્ક ફિલ્મ હટાવવાની કાર્યવાહી કરી હતી.